મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

G NEWS ગરવી તાકાત LIVE

૧૪-૧૦-૨૦૨૫
મંગળવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૮૨
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯, અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા. ૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના ગામમાં જ આવો ગંભીર દુષ્કર્મનો કેસ બનવા બદલ ગીતાબેન પટેલે શરમજનક ગણાવી

# વિસનગરમાં ૧૬ વર્ષિય સગીરા પર સામૂહિક બળાત્કાર ગુજારનારા આરોપીને ફાંસી કે જન્મટીમની માંગણી સાથે સર્વ સમાજના લોકો રસ્તા ઉપર ઉતર્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

વિસનગરમાં એક ૧૬ વર્ષીય સગીરા પર છ નરાધમોએ સામૂહિક બળાત્કાર ગુજારતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે. આ જઘન્ય અને કંપારી ઉપજાવતાં કૃત્યના પગલે શહેરમાં તીવ્ર આક્રોશનું મોજું ફરી વળ્યું છે. ત્યારે આઠ દિવસના રિમાન્ડ પર રહેલા આરોપીને ફાંસી કે જનમટીપની સજા કરોને સમાજમાં દાખલો બેસાડવાની માગ સાથે સર્વસમાજના લોકો રસ્તા પર ઉતાર્યા હતા. સાથે રાજકીય નેતાઓ સામે સવાલો ઉઠાવ્યા હતા.

પોલીસે આ ઘટનામાં ત્વરિત કાર્યવાહી કરીને તમામ છ આરોપીઓને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યા હતા. કોર્ટમાંથી પોલીસે આરોપીઓના ૮ દિવસના રિમાન્ડ મેળવ્યા છે અને સમગ્ર કેસની સઘન તપાસ યુદ્ધના ધોરણે હાથ ધરી છે.

પીડિતાને તાત્કાલિક અને કડક ન્યાય મળે તે માટે વિસનગરમાં સર્વ સમાજના લોકો એકસાથે આવ્યા હતા. આજે જી.ડી. સર્કલથી મામલતદાર કચેરી સુધી વિશાળ મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. હજારોની સંખ્યામાં જોડાયેલા લોકોએ શાંતિપૂર્ણ રીતે રેલી યોજીને મામલતદાર દિનેશ એમ. પટેલને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

લોકોએ તમામ આરોપીઓને ફાંસીની સજા અથવા જનમટીપની સજા આપવાની ઉગ્ર માંગ કરી છે. આ ઉપરાંત, આરોપીઓ ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોવાથી તેમની મિલકતો પર બુલડોઝર ફેરવવાની પણ જોરદાર માંગ ઉઠી છે. આ રેલી પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.

આ મામલે મહિલા આગેવાન અલકાબેન બ્રહ્મભટ્ટ અને ગીતાબેન પટેલે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ગુજરાતમાં મહિલા સુરક્ષાના મુદ્દે સવાલો ઉઠાવ્યા હતા. રાજ્યના આરોગ્ય મંત્રીના ગામમાં જ આવો ગંભીર કેસ બનવા બદલ તેમણે શરમ વ્યક્ત કરી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ×અમે દીકરીને ન્યાય અપાવીને જ રહીશું, સમાધાનની કોઈ વાત સ્વીકારવામાં આવશે નહીં.× ગીતાબેન પટેલે છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં બળાત્કારના વધેલા કેસોનો આંકડો ટાંકીને રાજ્યની કથળતી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

મહિલા આગેવાન અલકાબેન બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલના ગુજરાતની અંદર આ નરાધમોએ જે કૃત્ય કર્યું છે. સાથે સાથે મારે કહેવું છે, આ દીકરીને અમે ન્યાય અપાવીને જ રહીશું અને ગુનેગારોને ફાંસી મળે એટલા માટે અમે આવેદનપત્ર અહીં આપવા આવ્યા છીએ. અમને સાંભળવા મળ્યું છે, કરોડો રૂપિયા આપીને સમાધાનની જો વાત કરતા હોય ને તો આ રણચંડીઓ બેઠી છે, દીકરીની સાથે અને અમે સમાધાન કરાવીશું. શેના તમે 'બેટી બચાવો, બેટી પઢાવો'ની વાતોને સૂત્ર લઈને નીકળી પડ્યા છો? શરમ આવવી જોઈએ. સાથે સાથે મારે કહેવું છે, દાદાનું બુલડોઝર ચલાવવાની વાત થતી હોય તો આ ગુનેગારોના મકાનની અંદર જેટલા જેટલા મકાન છે ને એમાં બુલડોઝર ચાલવા જોઈએ, ચાલવા જોઈએ ને ચાલવા જોઈએ.

મહિલા આગેવાન ગીતાબેન પટેલે જણાવ્યું હતું કે, ૧૪ વર્ષની દીકરી ઉપર જે સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો છે અને ત્રણ દિવસ બાંધી રાખી અને સતત એના ઉપર જે જુલ્મ ગુજારવામાં આવ્યો છે. એના નરાધમ, અપરાધીઓના સામે કડક પગલાં ભરવા માટે અને ન્યાય માંગવા માટેની આ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી, એક વર્ષથી જોવા જઈએ તો ગુજરાતની અંદર ૬૩૪ કેસ એવા બન્યા છે કે જેમાં દીકરીઓ પર બળાત્કાર થયા છે અને ૧૪ કેસ એવા બન્યા છે કે જેમાં સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યા છે.

જનક બારોટે જણાવ્યુ હતુ કે, જે દુષ્કર્મ થયું એના વિરુદ્ધમાં અમે આવેદનપત્ર આપ્યું છે. એના ગુનેગારોને કડકમાં કડક સજા થાય, ફાંસી થાય અને એમની મિલકતો જપ્ત થાય, એમના મિલકતો પર બુલડોઝર ફરે એવી અમારી માંગણી છે.

વિસનગર મામલતદાર દિનેશ પટેલે જણાવ્યુ હતુ કે, વિસનગરમાં તાજેતરમાં જે રેપ અંગેનો એક ગુનો પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો છે. એ




સંદર્ભમાં પોલીસે આરોપીને ઝડપી પાડી અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરેલી છે. એ કાર્યવાહીમાં યોગ્ય અને ઝડપી કાર્યવાહી થાય તે માટે વિસનગરની જનતાના અને અગ્રણીઓ જે અલગ અલગ સમાજના લોકોએ ભેગા થઈ અને યોગ્ય કાર્યવાહી માટે આવેદનપત્ર આપ્યું છે.

---

### તિજોરીમાં પરીક્ષાના પેપર રાખવામાં આવ્યા હતા જેની ચાવી તસ્કરો લઈ ગયા

## બેચરાજીના રણેલાની સ્કુલમાં તસ્કરો તિજોરીની ચાવી લઈને રફૂચક્કર થઈ જતાં પરિક્ષા અટવાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

મહેસાણા જિલ્લામાં આવેલા બેચરાજી તાલુકાના રણેલા ગામની સ્કૂલમાં તસ્કરો ચોરી કરવા ઘુસ્યા હતા. આ દરમિયાન તેઓ તિજોરીની ચાવીઓ લઈ ફરાર થઈ ગયા હતા. જે તિજોરીમાં પેપર રાખવામાં આવ્યા હતા એની જ ચાવી લઈને ફરાર થઈ જતા તિજોરી કેવી રીતે ખોલવી તેને લઈ મુંઝવણમાં મૂકાયા હતા. જેને પગલે પરીક્ષા અટવાઈ પડી છે.

તિજોરીઓ ના ખુલતા તેની ચાવીઓ લઈ ફરાર થઈ ગયા

ગત રાત્રે તસ્કરોએ ગામમાં આવેલી સરકારી સ્કૂલ અને હાઈસ્કૂલમાં ચોરી કરી હતી. તસ્કરોએ મોટા ભાગની તિજોરીને નિશાન બનાવી હતી. તેઓ સીસીટીવી કેમેરાનું રીસીવર,ફ, લેપટોપ સહિતનો સામાન ચોરી ગયા હતા.




જ્યારે અન્ય તિજોરીઓ ના ખુલતા તેની ચાવીઓ લઈ ફરાર થઈ ગયા હતા.

રણેલા ગામની સરકારી શાળામાં આજે ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓનું અંગ્રેજીનું પેપર હતું. જોકે આ પેપર શાળાની બંધ તિજોરીમાં પડ્યા હતા અને એ તિજોરીની ચાવીઓ તસ્કરો પોતાની સાથે લઈ જતા વિદ્યાર્થીઓ પરીક્ષા આપ્યા વિના સ્કૂલમાં બેસી રહ્યા હતા.આજે સવારે ૧૧ થી ૩ વાગ્યા દરમિયાન પરીક્ષા હતી.જોકે ચોરી ની ઘટનામાં તિજોરીની ચાવી તસ્કરો લઈ જતા હાલમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો મુંઝવણ માં મુકાયા છે.

---

## મહેસાણા જિલ્લાના કડી તાલુકાના કરણનગર ગામે વિકાસ રથને હરખભેર વધાવતાં ગ્રામજનો



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહ - ૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઝુલાસણ ગામ બાદ કરણનગર ખાતે વિકાસ રથ પહોંચ્યો હતો. જેને કડી ધારાસભ્યશ્રી રાજેન્દ્રકુમાર ચાવડા તથા ગ્રામજનોએ હરખભેર વધાવ્યો હતો.

રથના માધ્યમથી ગામના નાગરિકોને રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલી વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા, જેનાથી ગ્રામજનોમાં જનજાગૃતિ ફેલાઈ હતી. આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને કીટ વિતરિત કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વેએ વૃક્ષારોપણ કર્યું હતું તેમજ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી.

આ કાર્યક્રમમાં કરણનગર સરપંચશ્રી સહિતના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

---

### એસ.વી.શાહ વિદ્યાવિહાર, મહેસાણા ખાતે વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિકાસ પદયાત્રા યોજાઇ

## વિકાસ પદયાત્રાને મહેસાણા ધારાસભ્ય અને જિલ્લા કલેકટરશ્રી સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

વડાપ્રધાનશ્રીના સુશાસનના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર રાજયમાં ૭ ઓકટોબરથી ૧૫ ઓકટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. આ ઉજવણીના ભાગરૂપે મહેસાણા જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત આજરોજ એસ.વી.શાહ વિદ્યાવિહાર (નાલંદા સ્કૂલ) મહેસાણા ખાતે વિકાસ પદયાત્રા યોજાઈ હતી.

આ વિકાસ પદયાત્રાને મહેસાણાના ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી એસ. કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. હસરત જૈસમીન, અગ્રણી શ્રી ગીરીશભાઈ રાજગોર સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.




કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સર્વેએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. તેમજ કાર્યક્રમમાં સાંસ્કૃતિક કૃતિઓની પણ પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વિકાસ પદયાત્રા એસ.વી.શાહ વિદ્યાવિહાર (નાલંદા સ્કૂલ) - માલગોડાઉન રોડ - ટેલીફોન એકચેન્જ -અક્ષરધામ ફ્લેટ - શારદા સોસાયટી - શ્રીનાથ હોલ - બી.કે સિનેમા થઈને નાલંદા સ્કૂલ ખાતે પરત ફરી હતી.

આ કાર્યક્રમમાં અગ્રણીશ્રી કિરણસિંહ રાણા, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી પારૂલબેન પટેલ, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી વિરલ ચૌધરી, પ્રાંત યુવા વિકાસ અધિકારી રણજીતભાઈ ચૌધરી, એસ.વી.શાહ વિદ્યાવિહારના ટ્રસ્ટી શ્રી અશ્વિન યાજ્ઞિક, આચાયશ્રી ફાલ્ગુનીબેન પટેલ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.






## પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી ઘૂસણખોરી કેમ ગંભીર સમસ્યા છે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઘૂસણખોરીના કારણો પર પ્રકાશ પાડ્યો. તેમના મંતવ્યો દર્શાવે છે કે પાકિસ્તાન, બાંગ્લાદેશ વગેરેમાંથી ઘૂસણખોરી શા માટે એક ગંભીર સમસ્યા છે.

તેમણે સ્વીકાર્યું કે સરહદ સુરક્ષા કેન્દ્ર સરકારની જવાબદારી છે અને તેથી, ઘૂસણખોરી રોકવાની તેમની જવાબદારી છે. જોકે, તેમણે એવો પણ પ્રશ્ન કર્યો કે ઘૂસણખોરો ક્યાં જાય છે અને તેમને કોણ આશ્રય આપે છે. તેમણે સ્પષ્ટતા કરી કે દુર્ગમ સરહદી વિસ્તારોને કારણે ઘૂસણખોરી ચાલુ રહે છે, પરંતુ ઘૂસણખોરો સરહદી વિસ્તારોમાં પોતાનો આધાર બનાવે છે કારણ કે તેમને ત્યાં આશ્રય મળે છે.વધુમાં, તેમના માટે નકલી ઓળખ કાર્ડ બનાવવામાં આવે છે. આ એક સત્ય છે જેનો કોઈ ઈનકાર કરી શકતું નથી. છેવટે, તે કોઈ રહસ્ય નથી કે પશ્ચિમ બંગાળમાં મોટી સંખ્યામાં ઘૂસણખોરો રેશન કાર્ડ, મતદાર ઓળખ કાર્ડ અને આધાર કાર્ડ કેવી રીતે મેળવે છે. રાજ્ય સરકારો માટે આ વાતથી અજાણ રહેવું અશક્ય છે. ચિંતાજનક છે કે કેટલીક રાજ્ય સરકારો ઘૂસણખોરોને વોટ બેંક તરીકે જુએ છે.

આ જ કારણ છે કે બંગાળના સરહદી વિસ્તારોમાં કોઈ પોલીસ સ્ટેશન ઘૂસણખોરો સામે ફરિયાદ નોંધતું નથી. ઘૂસણખોરોને વોટ બેંક તરીકે જોવું અને તેમને આશ્રય આપવો એ રાષ્ટ્રીય સુરક્ષા સાથે ઈરાદાપૂર્વકનું સમાધાન છે. ઘૂસણખોરો શરણાર્થીઓ નથી. બંને વચ્ચે ભેદ પાડવો જોઈએ. હવે સ્પષ્ટ થઈ ગયું છે કે કેટલીક રાજ્ય સરકારો ઘૂસણખોરી રોકવા માટે ગંભીર નથી અને, તેનાથી વિપરીત, તેમને બહાર કાઢવાના કોઈપણ પ્રયાસોનો વિરોધ કરે છે.આ હકીકતને અવગણવી ન જોઈએ કે સંકુચિત મતબેંકની રાજનીતિને કારણે બંગાળ અને ઝારખંડ તેમજ પૂર્વોત્તરના ઘણા રાજ્યોમાં ઘુસણખોરોનો ઉદય થયો છે. ઘણા સરહદી વિસ્તારોમાં, તેઓએ માત્ર સામાજિક માળખાને જ બદલી નાખ્યું નથી પરંતુ કેટલાક મતવિસ્તારોમાં ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરવામાં પણ સક્ષમ છે. આ પરિસ્થિતિ લોકશાહી માટે એક ચેતવણી છે.બધા રાજકીય પક્ષોએ પક્ષ રેખાઓથી ઉપર ઉઠીને આ હાકલ પર ધ્યાન આપવું જોઈએ. દુર્ભાગ્યપૂર્ણ છે કે, જ્યારે ઘૂસણખોરીને રોકવા માટે રાજકીય સર્વસંમતિ હોવી જોઈએ, ત્યારે ચૂંટણી પંચની મતદાર યાદીઓની સુધારણાની પ્રક્રિયાનો પણ વિરોધ કરવામાં આવી રહ્યો છે. તેથી, પ્રાથમિકતાના આધારે દેશભરમાં મતદાર યાદીઓનું ખાસ, સંપૂર્ણ પુનરાવર્તન કરવું વધુ જરૂરી છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# રાજ્યમાં નવેમ્બર માસના અંતથી પડશે ગાત્રો થિજાવતી ઠંડી : અંબાલાલ પટેલે કરી આગાહી




અમદાવાદ, તા.૧૩

ગુજરાતના હવામાનમાં હાલ કોઈ મોટા ફેરફારની શક્યતાઓ નથી, ચોમાસાની વિદાય બાદ હવે ઠંડી કેવી રહેશે તે અંગેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જોકે, હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે ચાલુ અઠવાડિયામાં તાપમાનમાં કોઈ મોટા વધારા કે ઘટાડાના સંકેત આપવામાં આવ્યા નથી, પાછલા અઠવાડિયે ઉત્તર ભારતના પર્વતીય પ્રદેશોમાં થયેલી હિમવર્ષાની અસરથી રાજ્યમાં રાતના તાપમાનમાં સામાન્ય ઘટાડો થયો હતો.

જોકે, આ પછી સ્થિતિ ફરી સામાન્ય બની ગઈ છે. આ તરફ અંબાલાલ પટેલે રાજ્યમાં ઠંડીનો માહોલ કેવો રહી શકે છે તે અંગેની આગાહી કરી છે, જેમાં તેમણે તારીખો આપીને નવેમ્બરના અંતમાં તથા ડિસેમ્બરની શઆતમાં ઠંડી જોર પકડી શકે છે. ઓક્ટોબર મહિના દરમિયાન એટલે કે દિવાળીના સમયમાં તાપમાનમાં હાલ કોઈ મોટા ફેરફારો થવાની સંભાવનાઓ કે શક્યતાઓ જોવાઈ રહી નથી. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા રાજ્યમાં ઠંડીનું જોર વધવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે, જોકે, હાલ તેના માટે રાહ જોવી પડશે. હવામાન નિષ્ણાત અંબાલાલ જણાવે છે કે, ૨૩ નવેમ્બરથી દેશના ઉત્તરીય પર્વતીય વિસ્તારમાં ભારે હિમવર્ષા થતાં ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી પડવાની શક્યતા છે.

૩૦ નવેમ્બરથી ૨ ડિસેમ્બર વચ્ચે દેશના ઉત્તરીય ભાગમાં હિમવર્ષા થવાની શક્યતાઓ છે. ૬થી ૯ ડિસેમ્બરમાં મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે અને ભારે હિમવર્ષા થશે. ૧૬થી ૧૯ ડિસેમ્બરના ગુજરાતના હવામાનમાં પલટો આવશે અને માવઠાની શક્યતા રહેશે.

૨૨ ડિસેમ્બરથી ઉત્તર ભારતમાં મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે અને ૨૯ ડિસેમ્બરથી ઠંડીનો ચમકારો વધશે અને લઘુતમ તાપમાન ૮ ડિગ્રી થઈ જવાની શક્યતા રહેશે. ૧૨ જાન્યુઆરી ૨૦૨૬થી કડકડતી ઠંડી પડશે અને ઉત્તર તરફના પવનો ધ્રુજાવે ૧૭ જાન્યુઆરીથી દેશના ઉત્તારીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થવાથી ગાત્રો થીજવતી ઠંડી પડશે.દેશના અન્ય ભાગોના હવામાનમાં કેટલાક ફેરફારો થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. જેમાં હવામાન વિભાગે ૧૬ ઓક્ટોબર સુધી પૂર્વ અને મધ્ય ભારત માટે આગાહી કરી છે.તેમાં ઓડિશા, વિદર્ભ અને છત્તીસગઢમાં પણ વાવાઝોડા સાથે ભારે વરસાદ પડવાની શક્યતા છે. આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા માટે પણ વાવાઝોડા અને વીજળી પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે.

# C.M. દિલ્હીમાં : રાજકીય અટકળો તેજ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૩

ગુજરાતમાં ભાજપના નવા પ્રદેશ પ્રમુખની વરણી બાદ હવે મંત્રીમંડળમાં ફેરફાર દિવાળી પુર્વે થનાર છે તે વચ્ચે આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દિલ્હી પહોંચતા રાજકીય અટકળો તેજ બની છે.

રાજયમાં લાંબા સમયથી મંત્રીમંડળ પુનઃરચનાની ચર્ચા છે પણ નવા ભાજપ પ્રદેશ પ્રમુખની નિયુક્તિથી હવે સંગઠન બાદ સરકારમાં ફેરફારની પણ તૈયારી હોવાનું નિશ્ચિત મનાય છે.



ખાસ કરીને દિવાળી બાદ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની જે ચુંટણીઓ યોજાવાની છે તે પણ મહત્વની છે અને તે પુર્વે સરકાર તથા સંગઠન બન્ને પુરી રીતે સજજ થાય તે જરૂરી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ હવે મંત્રીમંડળ પુનઃરચનાએ ફકત સમયનો જ પ્રશ્ન છે અને અનેક નવા ચહેરાઓને પણ સ્થાન મળશે. ખાસ કરીને સંગઠનમાં પણ યુવા ચહેરાની સાથે નવા જનરેશનનું મંત્રીમંડળ હશે.

જેમાં હાલની સરકારના અનેક મંત્રીઓને પડતા મુકાશે. આ માટેનો રીપોર્ટ કાર્ડ પણ મોવડીમંડળ પાસે પહોંચી ગયુ છે અને મુખ્યમંત્રી તેના પરની જૂના ચહેરાઓને હટાવવા નવા ચહેરાને સ્થાન આપવા મોવડીઓનું માર્ગદર્શન મેળવશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો. તમારી અને ભાગીદારોની કમાણી કરવાની કોઈ બાબતે અલગ પડી શકો છે. કોઈપણ સ્પર્ધામાં વિજય મળશે.

**વૃષભ:** આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે. પરંતુ તમારા ક્ષેત્રમાં કામ તે ગતિએ ચાલશે નહીં.

**મિથુન:** આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે. આ સમયે તમારા વ્યવસાયમાં ઉતાર-ચઢાવને સંભાળવાની જરૂર છે.

**કર્ક:** આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

**સિંહ:** આજનો દિવસ તમારા માટે સારો છે. અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ.

**કન્યા:** આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે. આજે કોઈપણ પ્રકારની મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. દૈનિક ઘરના કાર્યો પણ પૂર્ણ થશે.

**તુલા:** આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે.

**વૃશ્ચિક:** તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે. કોઈ પણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને સમય લાગતો નથી.

**ધન:** આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે. તમારે કોઈ શંકા અને વિચારણા કર્યા વિના તમારી ફરજમાં રોકાયેલા રહેવું જોઈએ.

**મકર:** આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે. જો તમે ઉધોગ ચલાવી રહ્યા છો તો નાના કર્મચારીઓની પ્રવૃત્તિઓ પર નજર રાખવાનું ભૂલશો નહીં.

**કુંભ:** આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

**મીન:** આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે. તમારો મિલનસાર સ્વભાવ તમને સમાજ, ઘર અને કાર્યસ્થળમાં લોકપ્રિય બનાવશે.




## એસ.ટી.માં દિવાળી દેખાઈ : ટિકીટોનું દૈનિક બુકીંગ એક લાખને પાર!

### સુરતથી જ સૌરાષ્ટ્ર માટે ૨૯૮-બસોનું ગ્રુપ બુકીંગ થઈ પણ ગયુ : નિગમને એડવાન્સ બુકીંગ થકી રૂપિયા ૬૩,૧૨ લાખની અધધ આવક થઈ ગઈ : હજુ પણ ઘસારો વધશે

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૩

એસ.ટી.માં હવે દિવાળીનાં તહેવારો દેખાવા લાગ્યા છે અને તહેવાર આડે માત્ર સપ્તાહ જ બાકી છે. ત્યારે, એસ.ટી. બસ સ્ટેન્ડમાં મુસાફરોની ભીંડ દેખાવા લાગી છે. તો એડવાન્સ બુકીંગ પણ રૂટીન કરતા ડબલ થઈ ગયું છે.



એસ.ટી.નિગમનાં સૂત્રોમાંથી, પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ નિગમમાં દૈનિક ૬૦ થી ૭૦ હજાર ટિકીટોનું બુકીંગ થાય છે. તેની સામે હવે બુકીંગ ડબલ થઈ ગયુ છે. હાલમાં દૈનિક એકથી દોઢ લાખ ટિકીટોનું એડવાન્સ બુકીંગ થઈ ગયું છે.

ખાસ કરીને એસ.ટી.માં સુરતથી સૌરાષ્ટ્રનાં જુદા-જુદા રૂટો માટે સૌથી વધુ એડવાન્સ બુકીંગ થયું છે.એસટી નિગમનાં સૂત્રોનાં જણાવ્યા મુજબ ગઈકાલ તા.૧૨ સુધીમાં જ સુરતથી સૌરાષ્ટ્રનાં રૂટો માટે ૨૯૮-બસોનું ગ્રુપ બુકીંગ થઈ ગયુ છે.અને આ ગ્રુપ બુકીંગ થકી જ નિગમને રૂ?.૬૩,૧૨ લાખની વધારાની આવક થઈ ગઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એસ.ટી.નિગમ દ્વારા દિવાળીનાં તહેવારો અનુસંધાને ૪ હજાર થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવનાર છે. અને સૌથી વધુ સુરતથી સૌરાષ્ટ્ર માટે બસો દોડાવાશે.

આ એક્સ્ટ્રા સંચાલન નિગમે હવે શરૂ પણ કરી દિધુ છે. પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ સુરત વિભાગ ધ્વારા તા.૧૯/૧૦ દરમ્યાન સાંજે ૦૪.૦૦ થી શરૂ કરી રાત્રે ૧૦.૦૦ કલાકથી સુધી એક્સ્ટ્રા બસોનુ સંચાલન હાથ ધરવામાં આવેલ છે, મુસાફરોને દિવાળીના ના તહેવારો દરમ્યાન પોતાના વતન માં જવા માટે સુરત શહેરમા વસ્તા સૌરાષ્ટ, ઉતર ગુજરાત ના રત્નકલાકારો તેમજ દાહોદ પંચમહાલના શ્રમજીવીઓ માટે૧૬૦૦ જેટલી એક્સ્ટ્રા બસો નું આયોજન કરવામાં આવેલ છે.

ગતવર્ષે પણ દિવાળી ઉપર સુરત એસ.ટી.વિભાગ સુરત દ્વારા કુલ ૧૩૫૯ ટ્રીપોનું સંચાલન કરી ૮૬૫૯૯ મુસાફરોને તેમના ગાંતવ્ય સ્થળે પહોચાડેલ અને નિગમે કુલ રૂ ?.૨.૫૭ (બે કરોડ સત્તાવન લાખ) આવક મેળવેલ છે.સૌરાષ્ટ્ર માટે રામચોક મોટા વરાછા સુરત ખાતેથી ઉપાડવામાં આવશે.. ઉત્તર ગુજરાત તથા અમદાવાદ માટે સુરત સેંટ્રલ બસ સ્ટેશન ખાતેથી ઉપાડવામાં આવશે. દાહોદ તથા પંચમહાલ ના શ્રમજીવીઓ માટે સુરત સેન્ટ્રલ બસ સ્ટેશનની સામેના સુરત સીટી બસ સ્ટેશન ખાતેથી તેમજ રામનગર રાંદેર રોડ સુરત ખાતેથી ઉપાડવામાં આવશે.


એક્સ્ટ્રા ઉપડનાર બસોનુ બુકિંગ એસ.ટી સેન્ટ્રલ બસ સ્ટેશન, અડાજણ બસ સ્ટેશન,ઉધના બસ સ્ટેશન, કામરેજ બસ સ્ટેન્ડ, કડોદરા બસ સ્ટેશન તેમજ નિગમના તમામ બસ સ્ટેશનો ઉપરાંત એસ.ટી.દ્વારા નિમવામા આવેલ બુકિંગ એજન્ટો,મોબાઈલ એપ, તથા નિગમની વેબસાઈટ ઉપરથી પણ ઓનલાઈન ટીકીટનુ બુકિંગ કરી શકાશે,.પ્જ઼જ઼િૈ.હ આખી બસનુ ગ્રુપ બુકિંગ કરાવનારને એસ.ટી. આપના દ્વારે અનુસાર તેઓને તેમની સોસાયટી થી તેમના વતન સુધી પહોચાડવામાં આવશે.

## રાજવીઓના ભવ્ય ઈતિહાસની ઝાંખી દર્શાવતી ચાર ગેલેરી તૈયાર થશે

# કેવડિયામાં ૩૬૭ કરોડના ખર્ચે રજવાડા મ્યુઝીયમ બનશે : વડાપ્રધાન મોદી ૩૦મીએ ખાતમુહુર્ત કરશે

કેવડીયા તા.૧૩

કેવડિયામાં રજવાડાનું મ્યૂઝિયમ બનાવવાની રાજપૂત સમાજની લાંબા સમયથી ચાલી આવતી માંગનો ૩૦-૩૧ ઓક્ટોબરે અંત આવશે. એકતા દિવસની ઉજવણી માટે વડાપ્રધાન મોદી આવી રહ્યાં છે ત્યારે તેઓ કેવડિયામાં ૩ મ્યૂઝિયમનું ખાતમુહૂર્ત કરી શકે છે. જેમાંથી એક મ્યૂઝિયમ રજવાડાનું હશ



કેવડિયામાં વિશ્વનું સૌથી ઊંચું સરદાર પટેલનું સ્ટેચ્યૂ બનાવાયું ત્યાર પછી રાજપૂત સમાજે કેવડિયામાં રજવાડાઓનું મ્યૂઝિયમ બનાવવાની માંગ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩ વર્ષ પહેલાં કેવડિયામાં જ એવી જાહેરાત કરી હતી કે અહીં રજવાડાનું મ્યૂઝિયમ બનશે. જો કે એ પછી કોઈ કાર્યવાહી થઈ નહોતી.

PM મોદી ૩૦મી ઓક્ટોબરે કેવડિયા આવી રહ્યાં છે. પોતાની આ મુલાકાતમાં તેઓ કુલ ૬૮૧ કરોડ રૂપિયાના કામોનું ખાતમુહૂર્ત કરશે જ્યારે ૨૮૨ કરોડના કામોનું લોકાર્પણ કરશે. આ દરમિયાન તેઓ ૩ મ્યૂઝિયમનું પણ ખાતમુહૂર્ત કરશે.

આ ત્રણ મ્યુઝિયમ એટલે ગુજરાત વંદના મ્યૂઝિયમ, વીર બાળ ઉદ્યાન મ્યૂઝિયમ અને મ્યૂઝિયમ ઓફ રોયલ કિંગ્ડમ ઓફ ઈન્ડિયા (જેને મોરકી મ્યૂઝિયમ તરીકે ઓળખવામાં આવશે.)

રજવાડાનું મ્યૂઝિયમ ૫.૫ એકરમાં બનશે આ મોરકી મ્યૂઝિયમ એટલે કે રજવાડાનું મ્યૂઝિયમ કેવડિયાના લીંબડી નામના ગામમાં આવેલી ૫.૫ એકર જમીન પર બનશે. જ્યાંથી સરદાર પટેલનું સ્ટેચ્યૂ સ્પષ્ટપણે જોઈ શકાશે.

આ મ્યુઝિયમમાં રજવાડાઓ અને તેમના શાહી વારસાનો પરિચય હશે. રજવાડાઓના એકીકરણની વાત અને તેમાં સરદાર પટેલની ભૂમિકા અંગે પ્રદર્શન હશે.લ્હોલ ઓફ યુનિટી‘ દ્વારા અગાઉના રજવાડાઓનું યોગદાન પણ બતાવવામાં આવશે.

મ્યૂઝિયમમાં કુલ ૫ ગેલેરી હશે. આ ૫ ગેલેરીમાંથી ૪ ગેલેરી કાયમી હશે. જ્યારે એક ગેલેરી ટેમ્પરરી હશે. આ ગેલેરીનો વિસ્તાર ૩૦૭૭ ચોરસ મીટર હશે. જો ગેલેરી પ્રમાણે સમજીએ તો પહેલી ગેલેરીમાં રજવાડા વિશેની માહિતી અને વર્ગીકરણ હશે.

બીજી ગેલેરીમાં રાજાઓનું જીવન અને તેમના રીત રિવાજો અને રાજ્ય સંરક્ષણ હશે. ત્રીજી ગેલેરીમાં ભારતના એકીકરણનો ઈતિહાસ, બ્રિટિશરોનું સામ્રાજ્ય, સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન હશે. જ્યારે ચોથી ગેલેરીમાં રજવાડાના બલિદાનની કહાનીઓ, મ્યૂઝિયમમાં યોગદાન આપનારા લોકોનો ઉલ્લેખ હશે. પાંચમી ગેલેરી રિસેપ્શન અને લોબી સાથે કનેક્ટેડ હશે. તેને ચિલ્ડ્રન ગેલેરી નામ અપાશે. પાંચમી ગેલેરી પાસે મ્યૂઝિયમ શોપ અને મ્યૂઝિયમ કેફે પણ હશે.મ્યૂઝિયમમાં વર્ષ ૧૭૦૦ થી લઈને ૧૯૫૦ સુધીના રાજવી પરિવારોના અને રજવાડાઓના એકત્રીકરણના ઈતિહાસને વર્ણવવામાં આવશે સાથે જ સરદાર પટેલે રજવાડાઓને એક કરવામાં ભજવેલી ભૂમિકા પણ હશે. એકીકરણ વખતે રજવાડાઓએ સરકારને જે-જે ડોક્યુમેન્ટ્સ આપ્યા હતા તે ઓરિજિનલ ડોક્યુમેન્ટ્સનું ડિજિટલ સ્વરૂપે પ્રેઝન્ટેશન પણ હશે.

મ્યુઝિયમના પ્રોજેક્ટ દરમિયાન સરકારી અધિકારીઓએ મોટાભાગના રાજવી પરિવારો સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન મ્યૂઝિયમમાં શું-શું હોવું જોઈએ તેનો અભિપ્રાય પણ રાજવી પરિવારો પાસેથી મગાયો હતો. ઉપરાંત મ્યૂઝિયમમાં રાખવા માટે રાજવી પરિવારો કઈ-કઈ વસ્તુઓ આપી શકે છે તે જાણકારી પણ મેળવી હતી.રજવાડાઓના ઈતિહાસ અને મહાનતાને દર્શાવતું આ મ્યૂઝિયમ કુલ ૩૬૭ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ સપ્ટેમ્બર, ૨૦૨૭ પહેલાં પૂરો કરવામાં આવશે.

પ્રોજેક્ટ માટે આર્કિટેક્ચર કામ રતનજીવ બાટલી બોય નામની કંપની કરશે. જ્યારે મ્યૂઝિયમમાં મુકાનારા કન્ટેન્ટનો પ્રોજેક્ટ બકુલ રાજ મહેતા એસોસિયેટ્સને સોંપાયો છે.

## ઉત્તરપ્રદેશમાં ૧૩ જીલ્લાઓમાં મોટાપાયે દરોડા : હજારો બોટલ જપ્ત : ગુજરાત કનેકશનનો પર્દાફાશ

# ગુજરાતથી યુપીમાં કફ સિરપનુ ગેરકાયદે નેટવર્ક

લખનઉ, તા.૧૩

ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા નાર્કોટિક અને કોડીન ધરાવતા કફ સિરપના ગેરકાયદેસર સપ્લાયમાં સંડોવાયેલા નેટવર્ક સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન કમિશનરની સીધી દેખરેખ હેઠળ, લખનઉ, સીતાપુર અને રાયબરેલી સહિત ૧૩ જિલ્લાઓમાં એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા.

આ તપાસ દરમિયાન, ઘણી કંપનીઓમાં નોંધપાત્ર ગેરરીતિઓ બહાર આવી હતી. લખનઉના ટ્રાન્સપોર્ટ નગરમાં ત્રણ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, દરોડામાં કંપનીઓ દ્વારા સંગ્રહિત કોડીન-સમાવતી કફ સિરપનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આખો લોટ એક જ પાર્ટીને મોટી માત્રામાં વેચવામાં આવ્યો હતો.

આ કંપનીના માલિક મનોહર જયસ્વાલ ગુજરાતમાં રહે છે અને અહીંયાથી જ તેનું સંચાલન થાય છે. ગુજરાતની એક ઉત્પાદન કંપની દ્વારા કોડીન-લેસ્ડ સિરપનો મોટો જથ્થો બનાવવામાં આવી રહ્યો હતો.

લખનઉ અને અન્ય જિલ્લાઓમાં મોકલવામાં આવી રહ્યો હતો. દરોડા દરમિયાન, અનેક સ્થળોએથી નાર્કોટિક ડ્રગ્સ સંબંધિત રેકોર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા. ઘણી કંપનીઓ બંધ મળી આવી હતી. સીતાપુરમાં એક મેડિકલ સ્ટોર સીલ કરવામાં આવ્યો હતો.

૧૦ મોટી કંપનીઓ તપાસ હેઠળ કમિશનરે તપાસ હાથ ધરવા માટે રાજ્યના ૧૩ જિલ્લાઓના ડ્રગ ઈન્સ્પેક્ટરોની સંયુક્ત ટીમ બનાવી. આ ટીમોનું નેતૃત્વ લખનઉ ડિવિઝનના આસિસ્ટન્ટ કમિશનર (ડ્રગ્સ) બ્રિજેશ કુમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. લખનઉ, સીતાપુર અને રાયબરેલીમાં, દરોડા પાડવામાં આવ્યા હતા.

સીતાપુરના મેસર્સ નૈમિસ ધામ મેડિકલ સ્ટોરમાંથી કોડીન ધરાવતી ૨,૬૦૦ બોટલની ખરીદીનો રેકોર્ડ મળી આવ્યો હતો, પરંતુ સ્થળ પર ફક્ત ૧,૦૦૦ બોટલ મળી આવી હતી. કંપનીને સ્થળ પર જ સીલ કરવામાં આવી હતી અને પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી.

દરોડા દરમિયાન, ઘણી કંપનીઓ બંધ હાલતમાં મળી આવી હતી. ટ્રાન્સપોર્ટ નગરમાં નોવોન લાઈફસાયન્સિસ અંગે, સ્થાનિકોએ અહેવાલ આપ્યો હતો કે સ્ટોર ઘણા દિવસો પહેલા ખાલી કરવામાં આવ્યો હતો.

દરમિયાન, પલાસ ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડનું લાઈસન્સ પહેલાથી જ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. સુભાષ મેડિકલ એજન્સીમાં તપાસમાં જાણવા મળ્યું છે કે ખરીદેલ કોડીન ધરાવતું સીરપ બાલાજી મેડિકલ સ્ટોર અને શ્યામ મેડિકલ એજન્સીને વેચવામાં આવ્યું હતું. બાદમાં એજન્સીનું લાઈસન્સ પહેલાથી જ રદ કરવામાં આવ્યું છે, અને તેનો સંચાલક જેલમાં છે.

ડ્રગ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે હાલમાં બધી શંકાસ્પદ કંપનીઓ સામે તપાસ ચાલી રહી છે.

## ૩૧ ઓક્ટોબરે અરવિંદ કેજરીવાલ ગુજરાત આવશે

# બોટાદની ઘટના વચ્ચે રાજુ કરપડાની જાહેરાત

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૩

બોટાદ માર્કેટિંગ યાર્ડની કડદા પ્રથા સામે આમ આદમી પાર્ટીના નેતા રાજુ કરપડાએ બાંયો ચડાવી છે. છેલ્લા બે દિવસથી સતત આ મામલે ઘમાસાણ ચાલી રહ્યું છે. એક તરફ તેનો વિરોધ કરતા આમ આદમી પાર્ટીના નેતાઓની અટકાયત કરવામાં આવી રહી છે.



તો બીજી તરફ વધુ એક મોટું એલાન બોટાદમાં રાજુ કરપડા દ્વારા કરવામાં આવ્યું છે. આગામી ૩૧ ઓકટોબર અને સરદાર વલ્લભભાઈની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવવાના છે ત્યારે જ અરવિંદ કેજરીવાલ પણ અહીં આવીને ખેડૂતોની મહાપંચાયત કરશે. જેનું આહવાન ખેડૂતોને રાજુ કરપડાએ કર્યું છે.ખેડૂતોના ટોળેટોળા પર પોલીસ જબરી વરસી હતી. પોલીસે ટોળા પર ટીયર ગેસના સેલ છોડ્યા હતા. અને સાથે જ દરેક લોકોને પકડી પકડીને લાઠીચાર્જ કરાયો છે. હાલ બોટાદમાં ખુબ જ અજંપા ભરી સ્થિતિનું નિર્માણ થયું છે. અને તેના જ કારણે બોટાદમાં હાલ કર્ફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

# ખોટું સ્વપ્ન રડાવે છે તેમ આ ખોટું જગત પણ મનુષ્યના જીવને રડાવે છે

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો હે રાજા, વિકારવાળી સર્વ વસ્તુ ઓ આદિ અંતવાળી હોય છે. જે જન્મ્યા તે બધા મૃત્યુ પામવાનાછે આ શરીર તો મુડદા સમાન જડ છે જ.હે રાજા,શરીર અને આત્મા જુદા છે શરીરના ધર્મો જુદા છે.આત્મા નિર્લેપછે.આત્માએ મનનો દૃષ્ટાછે સાક્ષી છે.જ્ઞાની પુરુષો ઈશ્વર સિવાય કોઈને સત્ય સમજતા નથી.સર્વ જીવોમાં પરમાત્મા છે. આમાં રાજા કોણ અને સેવક કોણ?વ્યવહાર દૃષ્ટિએ આ ભેદ છે.બાકી તત્ત્વદૃષ્ટિએ તો તું અને હું એક જ છીએ.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

હે રાજા, એક ઈશ્વર જ સત્ય છે. તેં કહ્યું કે,હું તને સજા કરીશ,પણ શરીરને માર પડશેતેથી મારી ચાલ સુધરશે નહીં.આ તો બધા શરીર ના ધર્મો છે. શરીરને માર પડે તેથી હું સુખીદુઃખી થતો નથી. શરીરને શક્તિ આપે છે મન.મનને શક્તિ આપે છેબુદ્ધિ અને બુદ્ધિને ચેતન આપનાર હું આત્મા છું. શરીરના ધર્મો મને લાગુ પડતા નથી હે રાજા,કીડીમંકોડી મારા પગ નીચે ન કચડાય એટલે હું આમ ચાલું છું. જીવજંતુ બચાવવા હું કૂદકો મારું છું.આ કીડીમાં પણ પરમાત્મા છે. તેથી હું કીડીઓ અને બીજા જીવજંતુઓનો ખ્યાલ રાખી ચાલું છું કે કોઈ કચડાઈ ન જાય. એટલે મારી ચાલ જેવી છે એવી જ રહેશે.

જડભરતનાં આવા વિદ્વતાભર્યા વચનો સાંભળીને રાજાને થયું કે, નક્કી આ પાગલ નથી,પરમહંસ છે. આ કોઈ જ્ઞાની મહાત્મા લાગે છે.આ કોઈ અવધૂત સંત છે. વેદાંતના કઠિન સિદ્ધાંત એ સમજે છે.એની બ્રહ્મનિષ્ઠા અલૌકિક છે. મેં તેનું અપમાન કર્યું તે ભૂલ કરી એટલે ચાલતી પાલખીમાંથી રાજા કૂદી પડે છે, અને જેને એ સજા કરવાનું કહેતો હતો તેને હવે વંદન કરે છે.



ભરતજીની નિર્વિકાર અવસ્થા છે રહુગણે અપમાન કર્યું ત્યારે અને રાજાએ માન આપ્યું ત્યારે પણ ભરતજીની એક જ સમ સ્થિતિ છે.નહીં ક્રોધ, નહીં દુઃખ,નહીં સુખ.સંતની પરીક્ષા મનો વૃત્તિથી થાય છે,કપડાંથી નહીં. માન મળ્યું તો પણ એ જ સમતા માન અપ માનમાં વૃત્તિ સમ છે.વેશથી સંત કઠણ નથી. હૃદયથી સંત થવું કઠણ છે. રહુગણે ક્ષમા માગી.

તે પછી રહુગણ રાજા પૂછેછે,આ વ્યવહાર સત્ય છે,તેને મિથ્યા કેમ કહી શકાય?જો વસ્તુ અસત્ય હોય તો તેથી કોઈ ક્રિયા થઈ શકે નહીં.મિથ્યા ઘટમાં કદી જળ લાવી શકાય નહીં.વળી રાજાએ કહ્યું કે,શરીરને દુઃખ થાય પણ આત્માને થતું નથી એવું તમે કહો છો,પરંતુ હું તો માનું છું કે, શરીર ને કષ્ટ થાય તે આત્માને થાય છે. કારણ કે આ શરીરનો સંબંધ ઈન્દ્રિયોની સાથે છે. ઈન્દ્રિયોનો સંબંધ મન સાથે,મનનો સંબંધ બુદ્ધિ સાથે અને બુદ્ધિનો સંબંધ આત્મા સાથે છે. એટલે શરીરને જે દુઃખ થાય તે આત્માને થવું જોઈએ. ચૂલા ઉપર તપેલી હોય,તપેલીમાં દૂધ હોય,દૂધમાં ચોખા હોય,ચૂલામાંના અગ્નિથી એકબીજાના સંબંધના કારણે દૂધમાંના ચોખા પાકી જાય છે, તેમ શરીરને જે દુઃખ થાય તે આત્માને થવું જ જોઈએ.

જડભરતજીએ કહ્યું કે,રાજન! ઉપમાથી સત્ય સાબિત થાય નહીં પણ તેં ઉપમા આપી તો હું તે આગળ ચલાવું છું.તારું કથન ખોટું છે. આત્મા કેવળ નિર્લેપ છે.

અગ્નિ ઉપરના દૂધમાંના ચોખા પાક્યા એ ખરું,પણ દૂધમાં પથ્થર રાખ્યા હોય તો તે પથ્થરો કાંઈ પાકતાનથી.કારણ તે નિર્લેપ રહેછે તેમ આત્મા તો સર્વથી શ્રેષ્ઠ છે અને નિર્લેપ છે.સંસાર એ કેવળ મનની કલ્પના માત્ર છે. મન બગડે છે એટલે જીવન બગડે છે. મન સુધરે તો આત્માને મુક્તિ મળે છે.

હે રાજા, મારું મન અગાઉ હરણ માં ફસાયું તેથી મારે હરણનો જન્મ લેવો પડયો.હવે સાવધ થઈને ફરું છું.જાતઅનુભવથી કહું છું કે, આ બધો વ્યવહાર મનનો છે.માને પોતાનો બાબો અઢી મણનો હોય તો પણ ફૂલ જેવો હલકો લાગે છેઅનેબીજાનો બાબો હલકો હોય તો પણ અઢી મણનો લાગે છે.તેનું કારણ?કારણ એ મન કહે છે કે,એક પોતાનો છે,બીજો પારકો છે.

રાજન,આ બધા મનના ધર્મો છે. આ બધા મનના ખેલો છે.હે,રાજા તું કેવળ કચ્છપ દેશનો રાજા છે, પણ હું તો સમસ્ત ભરતખંડનો રાજા હતો છતાં મારી આ દશા થઈ.કારણ કે વિષયાસક્ત અને ગુણાનુરક્ત મન જીવને સંસાર સંકટમાં નાખે છેઅને તે જ મન જો વિષયરહિત થાય તો જીવને શાંતિમય મોક્ષપદની પ્રાપ્તિ કરાવે છે,એનું કલ્યાણ કરે છે.મન જ સંસારબંધનના કારણ રૂપ છે ને તે જ મન મોક્ષના કારણ રૂપ છે.તન બાંધેને મનછોડે મનુષ્યનું મન જો વિષયોમાં આસક્ત થાય તો તે સાંસારિક દુઃખો આપનાર થાય છે અને તે જ મન જો વિષયોમાં આસક્ત ન થાય અને ઈશ્વરના ભજનમાંલીન થાય,તો તે મોક્ષ આપનાર થાયછે વિષયોનું ચિંતન કરતાં મન તેમાં ફસાય છે અને તેથી તેનું બંધન આત્મા પોતા ઉપર કલ્પે છે આ બધી મનની લુચ્ચાઈ છેમાટે મનને પરમાત્મામાં સ્થિર કરો.હે રાજા,તું મને પૂછે છે કે,તું કોણ છે?પણ તું તારીજાતને પૂછ કે,હું કોણ છું?જાણ કે તું શુદ્ધ આત્મા છે.જાગ્રત,સ્વપ્ન અને સુષુપ્તિએ ત્રણે અવસ્થાઓ નો સાક્ષીઆત્મા છે.હે રાજન!જ્ઞાનીઓ જગતને સત્ય માનતા નથી.જ્ઞાનીઓ સંસારને મન કલ્પિત માને છે. જગત સ્વપ્ન જેવું છે. તેમ છતાં જેમ ખોટું સ્વપ્ન રડાવે છે તેમ આ ખોટું જગત પણ મનુષ્યના જીવને રડાવે છે.આનું દ્રષ્ટાંત આવતી કાલે જોઈએ તે પહેલાં જોઈએ તો એક વાર,સ્વામીજી પોતાના નાના પાલતુ કૂતરાને આશ્રમમાં ફરવા લઈ જઈ રહ્યા હતા. અચાનક,એક યુવાન તેમના આશ્રમમાં આવ્યો, તેમના પગે પડીને બોલ્યો,×સ્વામીજી,હું મારા જીવનથી ખૂબ જ પરેશાન છું. હું દરરોજ ખૂબ જ મહેનત કરું છું, પણ મને સફળતા મળી નથી. મને ખબર નથીકે ભગવાને મારા ભાગ્યમાં શું લખ્યું છે કે આટલો શિક્ષિત હોવા છતાં, હું હજુ પણ નિષ્ફળ છું.×

સ્વામીજી તરત જ યુવાનની તકલીફ સમજી ગયા.તેમણે કહ્યું, ×ભાઈ, મારા કૂતરાને ક્યાંક ફરવા લઈ જાઓ.પછી હું તમારા પ્રશ્નોના જવાબ આપીશ.×

યુવાનને આ સાંભળીને થોડું અજુગતું લાગ્યું, પરંતુ તેણે કોઈ વધુ પ્રશ્નો પૂછ્યા નહીં અને કૂતરા સાથે ચાલવાનું ચાલુ રાખ્યું. કૂતરાને ફરવા લઈ ગયા પછી, જ્યારે યુવાન આશ્રમમાં પહોંચ્યો, ત્યારે તેણે જોયું કે યુવાનનો ચહેરો તેજસ્વી હતો,પરંતુ તેનો નાનો કૂતરો થાકને કારણે ભારે હાંફતો હતો.

સ્વામીજીએ પૂછ્યું, ×ભાઈ, મારો કૂતરો આટલો થાકી કેવી રીતે ગયો? તમે આટલા શાંત દેખાશો. થાકેલા નથી?×

યુવકે કહ્યું, ×સ્વામીજી, હું ધીમે ધીમે અને આરામથી ચાલી રહ્યો હતો, પણ કૂતરો બેચેન હતો. તે બધા પ્રાણીઓની પાછળ દોડી રહ્યો હતો, તેથી જ તે આટલો થાકી ગયો હતો.× પછી વિવેકાનંદે કહ્યું, ×ભાઈ, આ તમારા પ્રશ્નનો જવાબ છે! તમારું લક્ષ્ય તમારી આસપાસ છે, પણ તમે તેનાથી દૂર જતા રહો છો. તમે બીજા લોકોની પાછળ દોડતા રહો છો, અને તમે જે ઈચ્છો છો તે જતું રહે છે.×વિવેકાનંદના જવાબથી સંતુષ્ટ થઈને, યુવકે પોતાની ભૂલ સુધારવાનું નક્કી કર્યું.વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## વિકાસ સપ્તાહ અંતર્ગત ગુજરાતભરમાં આગામી તા. ૧૪-૧૫ ઓક્ટોબરના રોજ યોજાશે "રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫"

# મહોત્સવમાં કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના ૫ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૫૦૦ કરોડની સહાયનું વિતરણ કરાશે

### બે દિવસીય રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાતના આશરે ૩ લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે

### મહોત્સવના બે દિવસ દરમિયાન વિવિધ સ્થળોએ નિઃશુલ્ક પશુ આરોગ્ય કેમ્પ યોજાશે

### કાર્યક્રમોના સ્થળો ખાતે રાજ્યભરમાં કુલ ૨,૮૦૦ જેટલા કૃષિલક્ષી પ્રદર્શન સ્ટોલ ઉભા કરાશે



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાદાયી જનસેવા યાત્રાના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતભરમાં તા. ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની વિવિધ થીમ આધારિત ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં તા. ૧૪ ઓક્ટોબરના દિવસને "કૃષિ વિકાસ દિન" તરીકે ઉજવવામાં આવશે.

આ દિવસ દરમિયાન ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના ઉદ્દેશ્ય સાથે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબરના રોજ "રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫"નું પણ આયોજન કરવામાં આવ્યું છે. કૃષિ ક્ષેત્ર અને રાજ્યના ખેડૂતોને સમર્પિત આ "કૃષિ વિકાસ દિન"ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ પંચમહાલ-ગોધરાના છબનપુર ગામ ખાતેથી "રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫"નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે.

કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫ની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબર દરમિયાન રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાના મળીને કુલ ૨૬૧ સ્થળો ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫ યોજાશે. જિલ્લા અને તાલુકા કક્ષાના કાર્યક્રમોમાં ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ સહિતના વિવિધ પદાધિકારીશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહીને તેનો શુભારંભ કરાવશે. આ બે દિવસીય રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાતના આશરે ૩ લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રવિ કૃષિ મહોત્સવ દરમિયાન રાજ્યના પ્રગતિશીલ ખેડૂતો અને પશુપાલકોનું રાજ્ય સરકાર દ્વારા વિશેષ સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત કૃષિ, બાગાયત અને પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૫ લાખથી વધુ ખેડૂત લાભાર્થીઓને રૂ. ૫૦૦ કરોડ જેટલી માતબર રકમની સહાયના મંજૂરી પત્રો અને સહાય હુકમોનું પણ વિતરણ કરવામાં આવશે. વધુમાં, રાજ્યના કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ નિષ્ણાતો દ્વારા ખેડૂતોને તેમના વિસ્તારમાં રવી ઋતુમાં વાવેતર કરવાના થતા પાકો અંગે તકનીકી માર્ગદર્શન ઉપરાંત પ્રાકૃતિક ખેતી, બાગાયત પાકોમાં નવીનતમ ટેક્નોલોજી જેવા વિવિધ વિષયો પર પણ માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ, પ્રગતિશીલ ખેડૂતો અને ૈના પ્રતિનિધીઓ દ્વારા પણ વિવિધ વિષયો પર વકતવ્યો આપવામાં આવશે.

આ મહોત્સવમાં ખેડૂતોને રવિ પાકોના વાવેતર માટે આધુનિક કૃષિ તાંત્રિકતા અને પ્રાકૃતિક ખેત પદ્ધતિ અંગે જાગૃત કરવા માટે પાક પરિસંવાદ, નવીન ટેકનોલોજી આધારિત કૃષિ પ્રદર્શનો, ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ તેમજ રાજ્યના તમામ તાલુકાઓમાં ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત લેવામાં આવશે અને ખેતીને લગત ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ પણ નિષ્ણાતો-પ્રગતિશીલ ખેડૂતો દ્વારા પૂરું પાડવામાં આવશે. આ બે દિવસ દરમિયાન પશુપાલન ખાતાએ પણ વિવિધ સ્થળોએ નિઃશુલ્ક પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કર્યું છે, જેનો પશુપાલકો લાભ લઈ શકશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમના સ્થળો ખાતે પ્રગતીશીલ ખેડૂતોના ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતીના આયામો, ડ્રોન ટેકનોલોજી જેવી આધુનિક કૃષિ તકનીક, કૃષિ તેમજ જમીન ચકાસણી, ખેડૂત ઉપયોગી સંશોધનો દર્શાવતા તેમજ ન્યૂ-એજીસ ફર્ટીલાઈઝરના વપરાશ માટે ખેડૂતોમાં જાગૃતિ કેળવતા વિવિધ પ્રદર્શનો સહિત કુલ ૨,૮૦૦ પ્રદર્શન સ્ટોલ ઉભા કરવામાં આવશે. જેમાં પ્રધાનમંત્રી કિસન સમ્માન નિધિ યોજના અંતર્ગત લેંડ સીડીંગ, ફાર્મર રજીસ્ટ્રી અંતર્ગત ઈ-કેવાયસી અને સેલ્ફ રજીસ્ટ્રેશન બાબતના સ્ટોલ તથા ફાર્મ મિકેનાઈઝેશન, એગ્રો પ્રોસેસીંગ માટેના યંત્ર અને ઓજારોના સ્ટોલનો પણ સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કૃષિ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો ખેડૂતો સાથે સીધો વાર્તાલાપ કરી શકે, તેમની સમસ્યાનું નિવારણ લાવી શકે, યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકે, નવી ખેત પદ્ધતિઓથી અવગત કરી શકે તેમજ ખેડૂતોની સમસ્યાઓને આધારે સંશોધનો કરી શકે તેવા શુભ આશય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં કૃષિ મહોત્સવની નવી પરંપરા શરુ કરી હતી. કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે શરુ થયેલી આ પરંપરાને આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે.

## થરાદ તાલુકા મિયાલ ગામે તસ્કરો એ મચાવ્યો તરખાટ

# એક જ ગામમાં દસ દિવસમાં મંદિર તથા ગરીબ ઘરો ને બનાવ્યા ટાર્ગેટ

### ગામના મંદિર તથા ગોગા મહારાજની છત્ર તથા અન્ય જગ્યાએ ચોરી કરવામાં સફળ



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

(ગરવી તાકાત) વાવ તા.૧૩

ગામમાં ગરીબ અને મધ્યમ વર્ગના શામળાભાઈ શંકરભાઈ આપસુક જેઓના ભાઈ ને વીજ કરંટ લાગવાથી તેઓ દવાખાને દાખલ એમના જ ઘરે રાત્રે એકલતા નો લાભ લઈને ને તસ્કરો એ ગરીબ ઘર ના શામળાભાઈ ને ઘરેથી દાગીના તથા રોકડ રકમ લઈ તસ્કરો મચાવ્યો હતો તરખાટ જ્યારે સવાર માં તેમની? પત્ની સવાર માં જાગીને જોયું તો ડબ્બો ખેતર ઘણે દૂર તુટેલી હાલતમાં પડ્યો હતો અને અંદર પડેલા તમામ દાગીના તથા રોકડ રકમ તસ્કરો દ્વારા લ ઈ. લીધી હતી આ બાબતે થરાદ પોલીસ સ્ટેશન માં એમના ભાઈ દ્વારા જાણવા જોગ અરજી પણ આપેલ છે આમ મિયાલ ગામે અલગ અલગ જગ્યાએ ચોરી ના બનાવ બનવાથી ગામમાં તથા ખેતરમાં રહેતા લોકો માં ભય નો માહોલ સર્જાયો છે આ માટે ગામના લોકો દ્વારા મિડિયા સમક્ષ આ એવું જણાવ્યું હતું કે આ તસ્કરો ને તાત્કાલિક ધોરણે પકડી ને જેલહવાલે કરવા વિનંતી કરી હતી....

## ટ્રાફિક સમસ્યા નિવારવા અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સુનિશ્ચિત કરવાનો છે

# પોલીસે પાલનપુરમાં દિવાળીના તહેવારને લઈ પેટ્રોલિંગ હાથ ધર્યું ટ્રાફિક સમસ્યા અને અનિચ્છનીય બનાવ અટકાવવા કાર્યવાહી



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૩

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરમાં જિલ્લા પોલીસ વિભાગ દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ પેટ્રોલિંગનો મુખ્ય ઉદ્દેશ્ય ટ્રાફિક સમસ્યા નિવારવા અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સુનિશ્ચિત કરવાનો છે.

આ કાર્યવાહી તકેદારીના ભાગરૂપે કરવામાં આવી રહી છે. પાલનપુર શહેર, જે બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય મથક છે, ત્યાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ જાળવવા માટે પોલીસ કટિબદ્ધ છે.

જિલ્લા પોલીસ વિભાગ દ્વારા પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશન વિસ્તાર સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ પેટ્રોલિંગ દ્વારા નાગરિકોની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જાળવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

## રોટરી ક્લબ ઓફ કડી અને રોટરેક્ટ ક્લબ ઓફ કડી દ્વારા

# સેવાકીય પ્રવૃત્તિઓના લાભાર્થે સતત સાતમા વર્ષેમાંની આરાધનાનું પર્વ એટલે રમઝટ ૨૦૨૫ નું ભવ્ય આયોજન


(તસ્વીર-અહેવાલ : જૈમિન સથવારા, કડી)

(ગરવી તાકાત) કડી તા.૧૩

રોટરી ક્લબ ઓફ કડી અને રોટરેકટ ક્લબ ઓફ કડી દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓના લાભાર્થે સતત સાતમા વર્ષે માં ની આરાધનાનું પર્વ એટલે રમઝટ ૨૦૨૫ નું ભવ્ય આયોજન વિવાહ ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવ્યું, જેમાં શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી હિમાંશુભાઈ ખમાર, શ્રી જશુભાઈ પટેલ, શ્રી શૈલેષભાઈ પટેલ, શ્રીમતી અનસૂયાબેન પટેલ, શ્રી જીગ્નેશભાઈ પટેલ જેવા મહાનુભાવો એ માતાજીની આરાધના અને આરતી કરી ગરબાના કાર્યક્રમને ખુલ્લો મુક્યો. દેશ વિદેશના પ્રખ્યાત કલાકારો પૂજા કલ્યાણી, ધર્મેશ બારોટ અને કેયુર વાઘેલાએ કડીના હજારો ખેલૈયાઓને માં ના ગરબાના તાલે ઝુમાવ્યા. રમઝટ ગરબાના આયોજનમાં કડીના પ્રતિષ્ઠિત પરિવારના લોકો ગરબા રમવા આવે છે અને મોડે સુધી ગરબા ગાય છે તેમજ રમઝટ ના આયોજનને વખાણે છે. દર વર્ષની જેમ અનેક આકર્ષક ઈનામો અને લકી ડ્રોની વણઝાર ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ સમગ્ર આયોજન પર વિશ્વાસ મૂકી મુખ્ય સ્પોન્સર તરીકે વિવેકાનંદ ગ્રુપ ઓફ કડી ટૂપે ફાઈનાન્સ ના જશ્મિનભાઈ પટેલે અને સર્વાય ફર્મના કલ્પેશભાઈ/નિરંજનભાઈ એ મોટો સહકાર આપ્યો તેમજ વિવાહ પાર્ટી પ્લોટ, સિદ્ધાર્થ મોડેલિંગ સ્ટુડિયો, મહાદેવ લાઈટિંગ કડી, જલારામ સાઉન્ડ કલોલ, ગુજરાત લાયન્સ સિક્યુરિટી વગેરેનો ખૂબ જ મોટો સહયોગ પ્રાપ્ત થયો. સાથે સાથે કડીની અનેક જાહેર સંસ્થાઓ સર્વ વિદ્યાલય કડી,કડી નગરપાલિકા, એપીએમસી કડી, કડી નાગરિક કો. ઓપરેટિવ બેંક, કડી મામલતદાર કચેરી તેમજ કડી પોલીસ સ્ટેશન નો ખુબ જ સાથ અને સહકાર પ્રાપ્ત થયો. રમઝટ ૨૦૨૫ ને ભવ્ય સફળ બનાવવા રોટરી અને રોટરેક્ટ મિત્રોએ ખૂબ જ મહેનત કરી.રમઝટ ૨૦૨૫ ને સફળ બનાવવા બદલ દરેક મિત્રોનો હૃદય પૂર્વક આભાર.

# બનાસકાંઠાના ગ્રામ્ય પંથકમાં વિકાસ રથનું ભ્રમણ:વિકાસ સપ્તાહ અંતર્ગત યોજનાઓની માહિતી અને લાભોનું વિતરણ



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૩

બનાસકાંઠા જિલ્લામાં ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં 'વિકાસ રથ' પરિભ્રમણ કરી રહ્યો છે, જે જનજાગૃતિનું પ્રતિક બન્યો છે. આ રથ દ્વારા સ્થળ પર જ સરકારી યોજનાઓની માહિતી અને લાભોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૧ માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યા બાદ રાજ્યમાં વિકાસની યાત્રા શરૂ થઈ હતી. જનવિશ્વાસ, સેવા અને સમર્પણના ૨૪ વર્ષની ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યભરમાં 'વિકાસ સપ્તાહ'નું આયોજન કરાયું છે.

જિલ્લા કલેકટર મિહિર પટેલના નેતૃત્વ હેઠળ, 'વિકાસ રથ' ખેમાણા, ચંડીસર, વાઘરોલ, દાંતીવાડા, પાંથાવાડા, ખીમત, સમરવાડા અને ધાખા જેવા ગામોમાં પહોંચ્યો હતો. ગ્રામજનો દ્વારા આ રથનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમોમાં ગ્રામજનોએ વિકાસ રથમાં પ્રદર્શિત ફિલ્મ નિહાળી હતી અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી મેળવી હતી.

વિકાસ સપ્તાહ અંતર્ગત લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરાયું હતું અને શપથ લેવડાવવામાં આવ્યા હતા. ખેમાણા ખાતે પાલનપુરના ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા, જ્યાં મકાન સહાય, આયુષ્યમાન કાર્ડ અને પોષણ કીટનું વિતરણ કરાયું. વિકાસ રથ સાથે ગ્રામ વિકાસના કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યા હતા. આગામી ૧૪ ઓક્ટોબરે આ રથ ડીસા તાલુકાના માલગઢ, ભીલડી અને ખીમાણા ખાતે પહોંચશે.

## સંક્ષિપ્ત સમાચાર

# વડગામડા ગામે વિકાસ સપ્તાહની ઉજવણી કરાઈ



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૩

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર ગુજરાતની સાથે સાબરકાંઠા જિલ્લામાં 'વિકાસ સપ્તાહની' ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત વડાલી તાલુકાના વડગામડા ગામે તાલુકા વિકાસ અધિકારીશ્રી અંકિતભાઈ ઝાલાના અધ્યક્ષસ્થાને 'વિકાસ સપ્તાહ' કાર્યક્રમ અંતર્ગત રાત્રી સભા યોજાઈ હતી. કાર્યક્રમ દરમિયાન મહિલાઓને પોષણકીટ વિતરણ કરવામા આવ્યુ હતુ. ગ્રામાજનોએ 'વિકસિત ભારત' અંગેની ફિલ્મ નિહાળી હતી. રથ દ્વારા ગામના નાગરિકોને રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં તાલુકા સદસ્યશ્રી મનીષાબેન પટેલ, સરપંચશ્રી, પંચાયત સભ્યો, પદાધિકારીઓશ્રી-અધિકારીઓશ્રી, ગ્રામજનો સહિત ઉપસ્થિત સૌએ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સમર્પિત ભાવ સાથે સંપૂર્ણ યોગદાન આપવા 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' લીધી હતી

## વિકાસ સપ્તાહ અંતર્ગત ગુજરાતભરમાં આગામી તા. ૧૪-૧૫ ઓક્ટોબરના રોજ રવિ કૃષિ મહોત્સવ યોજાશે

# સાબરકાંઠા જિલ્લાકક્ષાનો રવિ કૃષિ મહોત્સવ પ્રાંતિજ તાલુકાની ઉમા સમાજવાડી વદરાડ ખાતે યોજાશે

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૩

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાદાયી જનસેવા યાત્રાના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતભરમાં તા. ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની વિવિધ થીમ આધારિત ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં તા. ૧૪ ઓક્ટોબરના દિવસને "કૃષિ વિકાસ દિન" તરીકે ઉજવવામાં આવશે.

જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના આઠ તાલુકામાં રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૫ નું આયોજન કરાશે. સાબરકાંઠા જિલ્લાના જિલ્લાકક્ષાના રવિ કૃષિ મહોત્સવ પ્રાંતિજ તાલુકાની ઉમા સમાજવાડી વદરાડ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે યોજાશે.

આ કાર્યક્રમના સાથે જ અન્ય તાલુકાઓમાં સમાંતર કાર્યક્રમ યોજાશે. ખેડબ્રહ્મા તાલુકામાં તાલુકા કક્ષાનું કાર્યક્રમ અર્બુદા હોલ ખેડબ્રહ્મા ખાતે, પોશીના તાલુકામાં સ્વામિનારાયણ મંદિર પોશીના, વટપલ્લી મંદિર વડાલી, પાવાપુરી જૈન મંદિર ઈડર, કટી હનુમાન મંદિર કડોલી હિંમતનગર, પાટીદાર સમાજ વાડી લેબોર ચોકડી સલાટપુર તલોદ, તેમજ વિજયનગર નો તાલુકાનો કૃષિ મહોત્સવ નર્સિંગ કોલેજ અંદ્રોખા વિજયનગર ખાતે યોજાશે.

## કાર્યક્રમ દરમિયાન સૌ કોઈએ ભારત વિકાસ શપથ લીધા

# જન વિશ્વાસ, સેવા અને સમર્પણના ૨૪ વર્ષઃ વડાલી તાલુકાના વાસણા ખાતે 'વિકાસ સપ્તાહ'ની ઉત્સાહભેર ઉજવણી





(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૩

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સુશાસનના ૨૪ વર્ષની ઉજવણીના ભાગરૂપે તા. ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન રાજ્યભરમાં 'વિકાસ સપ્તાહ'ની શરૂઆત થઈ છે.

આ ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠાના વડાલી તાલુકાના વાસણા ખાતે વિકાસ સપ્તાહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિકાસ રથ વાસણા પહોંચતા ગ્રામજનો દ્વારા તેનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓને વિવિધ લાભો નું વિતરણ કરવામાં આવ્યું હતું.

વાસણા ખાતેના વિકાસ સપ્તાહ કાર્યક્રમ દરમિયાન સૌ કોઈએ ભારત વિકાસ શપથ લીધા હતા અને વિકસિત ભારતની અંગેની ફિલ્મ નિહાળી હતી. આ સાથે 'એક પેડ મા કે નામ' અંતર્ગત મહાનુભાવના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને ગ્રામજનોને વધુને વધુ વૃક્ષો વાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમા અગ્રણીશ્રી કનુભાઈ, અગ્રણીશ્રી કાંતિભાઈ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, સરપંચશ્રી સહિત વિવિધ મહાનુભાવો, અધિકારીશ્રીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Volume : 11 Issue : 182 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002